| | | |
|---|---|---|
| वर्ष : १० | सने : २०१८ | सं.२०७४ |
| अंक : ११ , | સળંગ અંક -૭૨ | चैत्र मार्च |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૦ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૧૧ / માર્ચ ચૈત્ર સળંગ અંક-૭૨

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


- ★ સમાધિસુવર્ણ પર્વ
- ★ જૈન સાહિત્ય પ્રકાશન - સમારોહ
- ★ સમાધિની સરિતામાં સ્નાન
- ★ વચને વચને અજવાળાં
- ★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**भृशाभ्यासेऽपि संस्कारा,**

**धर्म्याः प्रेत्य न यान्त्यपि ।**

**मन्दा अमन्दास्त्वितरे,**

**यान्त्येवाग्रेसरा इव ।।**

ગમે તેટલા સંસ્કાર ઊંડા નાખ્યા હોય, અભ્યાસ પાડ્યો હોય તોય ભવાંતરમાં એ સારા સંસ્કાર ન પણ જાય પરંતુ ખરાબ સંસ્કાર મંદ કે ગાઢ ગમે તેવા હોય તોય અગ્રેસર હોય તેમ પરલોકમાં ય સાથે જાય છે. (માટે જ કુસંસ્કારોથી અવશ્ય બચવાનું છે.)

જે આત્મા મૃત્યુ સમયે જેવી લેશ્યાવાળો હોય છે. પ્રાયઃ તેવી જ લેશ્યા ભવાંતરમાં તેને પ્રાપ્ત થાય છે.



# ★ સમાધિસુવર્ણ પર્વ ★★★

**સંકલન : શ્રીધર્મમિત્ર**

(સિદ્ધાંતમહોદધિ, મરુધરરત્ન પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમાધિપર્વનાં સુવર્ણવર્ષની પૂર્ણાહુતિ આડે હવે માત્ર બે જ મહિના બાકી છે. એ મહાપુરુષે પોતાના દેહનો અંતિમ ત્યાગ ખંભાતતીર્થમાં કરી ખંભાતને વિશેષરૂપે પાવન કર્યું છે. તેઓશ્રીના ઉચ્ચ જીવન, જ્ઞાનાદિ રત્નત્રયીની સાધના, તપ:સાધનાદિના પ્રભાવે અને ભણવા / ભણાવવા તથા સતત સ્વાધ્યાય-પરિશીલન, ચિંતન-મનન-નિદિધ્યાસન દ્વારા કર્મના ઊંડા આલોચન દ્વારા એ કર્મજ્ઞાનને હકીકતમાં પચાવ્યું હોય તેવા જ શબ્દોચ્ચાર વગેરે મારફત તેનો અહેસાસ કરાવનારા આ મહાપુરુષ; વેદના-જાલિમવેદના વચ્ચે કેવા અપૂર્વ સમાધિમાં ઝીલતા હતા, તેને પ્રત્યક્ષ બનાવનારી ક્ષણો જેણે માણી છે, તે તો અહોભાવથી યુક્ત બનતા / બન્યા. અલબત, એ પાવન ક્ષણોને શબ્દ દેહે માણવાય આપણે બડભાગી તો બનીશું જ.

કર્મની વાતો કરવી અને વાસ્તવિક કર્મના ઉદયે આવેલી વેદનાને સમતાભાવે સહન કરવી એ વાત જુદી છે. ભલભલાના છક્કા છૂટી જાય તેવી પીડાના સમયે સમાધિ ટકાવવી - લાવવી દુષ્કર છે. ત્યારે જ તો નિર્યામણા માટે, સમાધિ માટે આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત સાથે ૪૦ થી અધિક મુનિવરોને તે કાર્યમાં જોડવાનું વિધાન શાસ્ત્રકારો મૂકે છે. ચરિત્રનાયક મહાપુરુષ પરની સમાધિ માટે જીવનભર અપ્રમત્ત - જાગૃત રહ્યા તેમ સ્વની સમાધિમાંય તેથી અધિક સજાગ હતા. આ વાત આ લેખથી જાણવા મળશે.

વળી, એક લેખમાં પૂજ્યશ્રીનો પ્રિયવિષય કર્મગ્રંથ - કર્મ સાહિત્યનો હતો. તે માટે, તે સાહિત્યના પ્રચાર - પ્રસાર માટે એક જૈન સાહિત્ય સમારોહ અમદાવાદની પ્રકાશ હાઈસ્કૂલમાં ગોઠવાયો હતો; તેની માહિતી છે. પહેલાં માત્ર કર્મ સાહિત્યનું જ પ્રદર્શન (સમારોહ) ગોઠવવાની વિચારણા હતી. પાછળથી સંપૂર્ણ જૈન સાહિત્યની માંગણી આવતાં તે પ્રમાણે મોટા મોટા બાર ઓરડામાં એ પ્રદર્શન ભરાયું હતું.

એમાં તમામ સાહિત્યનો શબ્દોમાં પરિચય આપવામાં આવ્યો હતો. (હજી એ પૂંઠાદિ પર તૈયાર કરેલાં બોર્ડ પૂ.ગુરુદેવે સાચવીને રાખેલ છે) આ વિષયમાં પૂ. ગુરુદેવે પણ રાત-દિવસ ખૂબ જ પરિશ્રમ ઉઠાવ્યો હતો.

કર્મનો વિષય ભણવો જ જ્યાં અઘરો છે, કઠિન છે. ત્યાં વળી એ કર્મનો ઉદય જ્યારે થાય ત્યારે તો ભલભલાના છક્કા છૂટી જાય છે. એવા સમયે શ્રદ્ધા સાથે સમાધિ ટકાવવાનું કાર્ય અતિકઠિન છે. એ દુષ્કટ કાર્ય ચરિત્રનાયક પૂજ્યશ્રીએ આસાન બનાવી દીધું હતું. તેથી જ પંડિત મરણ જેવી સમાધિના સ્વામી તેઓ બન્યા હતા. એમાં વળી એક મહત્ત્વની વાત એવી છે કે - પૂજ્યશ્રીએ પોતાના પ્રથમ શિષ્યરત્ન અને અનેક ભાગ્યશાળીઓને સમાધિનું દાન કરનારા પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને બોલાવી લીધા. તેમના શ્રીમુખે નવકારમહામંત્રનું શ્રવણ કરતાં કરતાં અને સ્વની જાગૃત અવસ્થા તથા નિર્યામણા કરાવવાની માસ્ટરીને વરેલા સિદ્ધાંત મહોદધિપદને વરેલા પૂજ્યપાદશ્રીજી અનંતની યાત્રાએ વિદાય થયા, પરંતુ ચારિત્રાદિ ગુણોની અમિટ છાપ મૂકીને !

વાંચો, એ જ શબ્દોમાં - એ જ સમયના સાક્ષી બનેલા મુનિવરાદિના શબ્દોમાં - સંપાદક

## જૈન સાહિત્ય પ્રકાશન - સમારોહ

વર્તમાન-યુગમાં કર્મ સાહિત્યનું અધ્યયન અને અધ્યાપન જે સરલ રીતે થઈ શકે છે તેનું સંપૂર્ણ શ્રેયઃ હોય તો કર્મશાસ્ત્ર રહસ્યવેદી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાને જ છે. સ્વયં કર્મશાસ્ત્રના અગાધ સાગરમાં ડૂબકી મારીને અનેકોને તેના મધુર-મંજુલ અમૃત-પાન તેઓએ કરાવ્યાં છે.

કમર્મસાહિત્યને જૈન જગતમાં સર્વ વ્યાપી બનાવવા માટે પૂજ્યપાદશ્રીનું એક સ્વપ્ન હતું કે 'જો કેટલાક જુવાન ને તેજસ્વી શ્રમણો તૈયાર થાય તો આ મહાન જ્ઞાન સર્વ-વ્યાપી થઈ શકે' આ સ્વપ્નને સત્ય બનાવવા માટે જ જાણે



વિ.સં.૨૦૦૬-૭-૮ માં અનેક તેજસ્વી યુવાનોએ પૂજ્યશ્રીની શરણાગતિ સ્વીકારી.

પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવરે આ નવજવાન મુનિવરોને સંસ્કૃત, ન્યાયભૂમિકા વગેરેનું પ્રાથમિક જ્ઞાન આપીને પૂજ્યપાદ પરમ ગુરુદેવને સમર્પિત કર્યા. આમ તો સંસ્કૃત ભાષા અને કાવ્યોના બોધ પછી પૂજ્યપાદશ્રી કહે, 'ભાનુવિજય ! હવે તું આ બધાને ન્યાયશાસ્ત્ર - દર્શન શાસ્ત્રો ભણાવ.'

પૂ.મુનિશ્રી ભાનુવિજયજી કહે 'સાહેબજી ! એ તો હું ગમે ત્યારે ભણાવી શકીશ, પરંતુ આપશ્રીની ઉંમર થઈ છે, તેથી આપશ્રી તો કર્મ શાસ્ત્રોનો ખજાનો પહેલાં આપો, નહિતર આપશ્રી વિના આ ખજાનો કોણ આપનાર હતું ?'

પૂજ્યશ્રી કહે 'પરંતુ આ સીધા સ્કૂલ - કોલેજથી ઊઠીને આવેલા એ સમજી શી રીતે શકશે ?'

પૂ. મુનિશ્રી કહે ' કૃપાળુ ! ચિંતા ન કરો. એ માટેની ભૂમિકા હું તૈયાર કરી આપું. ' બસ પછી પૂ. શ્રી ભાનુવિજયજી મહારાજે મુનિ શ્રી જયઘોષ વિ. વગેરે મુનિઓને ૮ કર્મ, ૧૪ ગુણસ્થાનક, ૮ કરણ વગેરેની વાચનાઓ આપી, બાદ સિદ્ધાંતમહોદધિ સૂરિદેવે દિન-રાત પ્રખર પરિશ્રમ લઈને આ શ્રમણોને કર્મશાસ્ત્રનું અનુપમ - ગહન જ્ઞાન પ્રદાન કર્યું.

કર્મ-મર્મને જાણવામાં અદ્વિતીય બનેલા આ મુનિવરોને જોઈને પૂજ્યપાદશ્રીના દિલમાં વિચાર ઉત્પન્ન થયો. ' કર્મ-સાહિત્યના પ્રસાર-પ્રચાર માટે જો આ શ્રમણો સંસ્કૃતભાષામાં ટીકા-ગ્રંથો તૈયાર કરે તો મહાકાય ગ્રંથરત્નો પ્રકાશિત બની શકે' અને પૂજ્યશ્રીના આ વિચારને સફળ બનાવવા મુનિવરો કટિબદ્ધ બની ગયા.

બહુશ્રુત વિદ્વાન પૂજ્ય મુનિવર શ્રી જયઘોષ વિજયજી મ. અને પૂજ્ય મુનિવરશ્રી ધર્માનંદ વિજયજી મ. કર્મશાસ્ત્ર પદાર્થોની સંકલના કરવા કરાવવા લાગ્યા. તેના પર પૂજ્ય મુનિવર શ્રી વીરશેખર વિજયજી મ. પ્રાકૃતભાષામાં શ્લોકો બનાવવા માંડ્યા. શ્લોક ને પદાર્થોના આધારે અન્ય મુનિવરો ટીકા લખવા લાગ્યા. આ ગ્રંથોને પ્રકાશિત કરવા માટે 'ભારતીય પ્રાચ્યતત્ત્વપ્રકાશન સમિતિ' પિંડવાડામાં સ્થાપિત થઈ.

પ્રથમ મહાકાય ગ્રંથરત્ન તૈયાર થયો 'ખવગસેઢી'....! આ ગ્રંથરત્નના શ્લોક બનાવનાર અને વિસ્તૃત ટીકા લખનાર હતા પૂજ્ય મુનિવરશ્રી ગુણરત્નવિજયજી મ., બીજો ગ્રંથરત્ન પણ તૈયાર થઈ ગયો. 'ઠિઈબંધો'....! આ ગ્રંથરત્નના શ્લોકકાર હતા પૂજ્ય મુનિવર શ્રી વીરશેખર વિજયજી મ. અને ટીકાકાર હતા, પૂજ્ય મુનિવરશ્રી જગચ્ચન્દ્રવિજયજી મહારાજ...! પ્રથમ ગ્રંથરત્નના મુદ્રણનો સંપૂર્ણ ખર્ચ પિંડવાડા નિવાસી શ્રી ખૂબચંદજી અચલદાસજીએ કર્યો અને દ્વિતીય ગ્રંથરત્નના મુદ્રણનો લાભ પિંડવાડા જૈન સંઘે જ્ઞાન-ખાતાની રકમથી પ્રાપ્ત કર્યો...!

આ બન્ને મહાકાય ગ્રંથરત્નો છપાઈને તૈયાર થઈ જતાં પૂજ્યપાદશ્રીનાં ભક્તોનાં દિલમાં એક સુવિચાર ઊદ્ભવ્યો. 'આ બન્ને ગ્રંથરત્નોના પ્રકાશન સમારોહ અમદાવાદમાં દબદબાભર્યો ઉજવવામાં આવે.' જો કે પૂજ્યશ્રી આવાં પ્રકાશન સમારોહથી વિરૂદ્ધ હતા છતાં જનતામાં કર્મ વિષય સારો પ્રચાર પામે એ જોઈને તેઓશ્રીએ સંમતિ આપી હતી.

પૂજ્યપાદ પરમશ્રદ્ધેય સૂરિદેવશ્રીના પરમભક્ત શ્રીયુત રમણલાલ વજેચંદના પ્રમુખપદે 'શ્રીશ્રુત ભક્તિ મહોત્સવ સમિતિ' ની સ્થાપના કરવામાં આવી. તારીખ ૨૯-૧૦-૬૬ અને ૩૦-૧૦-૬૬ આમ બે દિવસનો ભવ્યાતિભવ્ય સમારોહ ઉજવવા સમિતિના કાર્યકર્તાઓ કામે લાગી ગયા.

ગ્રંથરત્નોની પરિચય કરાવતી પુસ્તિકાઓ 'ગ્રંથ-પરિચય' 'કર્મ સાહિત્ય પ્રકાશનની વિરાટ યોજના' 'જૈન ધર્મમાં કર્મ વિજ્ઞાન' 'સર્વદર્શનોમાં કર્મવાદ' વગેરે વહેંચવામાં આવી. આ ભવ્ય સમારોહ પ્રકાશ હાઈસ્કૂલના વિરાટ પટાંગણમાં યોજવાનો નિર્ણય થતાં પ્રિન્સિપાલ જેઠાભાઈની ઈચ્છાથી 'જૈન સાહિત્ય પ્રદર્શન'નો પણ નિર્ણય થયો.

પ્રકાશ હાઈસ્કૂલના વિશાળ કલાસ-હોલોમાં ભવ્ય પ્રદર્શન લગાવવામાં આવ્યું. સ્કૂલના બાર ઓરડાઓમાં આગમ-પ્રદર્શન પ્રકરણ, અધ્યાત્મ, યોગ, ધ્યાન, ઈતિહાસ, આચાર, ચરિત્ર, શબ્દ શાસ્ત્ર, કર્મસાહિત્ય વગેરેને લગતા જૈન ધર્મના શાસ્ત્રો શણગારીને સ્થાપના કરવામાં આવ્યા. સાથે પરિચય બોર્ડો પણ લગાવવામાં આવેલાં.



આ મહાન પ્રદર્શનને જોવા માટે હજારોની જન-મેદની ઊમટતી હતી અને જૈન ધર્મનો આ અણમોલ ખજાનો જોઈ મુક્ત કંઠે પ્રશંસા કરતી હતી. ઓરડે ઓરડે ખાસ નિયુક્ત કરેલા યુવકો, દર્શકોને શાસ્ત્ર-ચિત્ર, નકશા, સોનેરી પ્રતો આદિની સમજણ આપતા હતા....! ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ઈન્દુબહેને પણ આ પ્રદર્શનની મુલાકાત લીધી અને ખૂબ જ પ્રભાવિત બન્યાં હતાં.

'શ્રીશ્રુત ભક્તિ મહોત્સવ સમિતિ' ની પ્રાર્થના માન્ય કરીને પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. પણ વિશેષ મુનિ પરિવાર સાથે દશાપોરવાડ સોસાયટીથી વિહાર કરીને આસો સુદ ૪ ના સસ્વાગત શ્રી દાનસૂરિ જ્ઞાન-મંદિર પદાર્યા. તે સાથે જ સમારોહના ઉત્સાહમાં વધુ ઝલક આવી.

પ્રકાશન-સમારોહના પ્રથમ દિવસે શહેરમાં રહેલા જુદા જુદા સમુદાયોના સુપ્રસિદ્ધ વ્યાખ્યાનકાર પૂજ્ય આચાર્યદેવાદિ મુનિવરોનાં વ્યાખ્યાનોનો કાર્યક્રમ પ્રકાશ હાઈસ્કૂલમાં યોજાયો. વક્તાઓએ આ યુગમાં કર્મસાહિત્ય જેવા કર્કશ શાસ્ત્રનું અધ્યયન કરીને તેને જાહેરમાં મૂકનાર પૂજ્યપાદશ્રી અને કર્મશાસ્ત્રના નવ નિર્માણમાં લોહીનું પાણી કરનાર મુનિવરોને શ્રદ્ધાભરી અંજલિ આપી.

વ્યાખ્યાનોનો કાર્યક્રમ પૂર્ણ થતાં શ્રીયુત અમૃતલાલ કાળીદાસ દોશીએ જૈન સાહિત્ય પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું. આજે રાત્રે એક વિરાટ સભાનું આયોજન પ્રકાશ હાઈસ્કૂલમાં બાંધેલા વિશાળ મંડપમાં થયું, જેમાં અમદાવાદના અગ્રગણ્ય આગેવાનો પણ ઉપસ્થિત થયા હતા. આમંત્રિત વિદ્વાનોનાં વક્તવ્યો થયાં. શિબિર વિદ્યાર્થી શ્રી જયપ્રકાશે ધારાબદ્ધ અંગ્રેજી ભાષણ આપીને સહુને આશ્ચર્ય ચકિત કરી દીધા. સંગીતરત્ન શ્રી દેવેન્દ્ર વિજયે ભક્તિની ધૂમ મચાવી.

સમારોહના બીજા દિવસે મસ્કતી મારકીટથી શ્રુત ભક્તિનો શાનદાર વરઘોડો નીકળ્યો. શણગારેલા મદમસ્ત ગજરાજ ઉપર બે ગ્રંથરત્ન લઈને શ્રીયુત ખૂબચંદજી અચલદાસજી પિંડવાડાવાળા બેઠા હતા. દબદબાભર્યા આ વરઘોડામાં જનમેદનીની કોઈ પરિસીમા રહી ન હતી. આ પ્રસંગે અમદાવાદના બધા જ ઉપાશ્રયોમાંથી મુનિવરો આવ્યા હતા....!

શાનદાર વરઘોડો પ્રકાશ હાઈસ્કૂલમાં ઊતર્યો. ઊંચા સ્ટેજ પર સહુની મધ્યમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી બિરાજમાન હતા. સ્કૂલનું વિશાલ પટાંગણ પણ ખીચોખીચ ભરાઈ ગયું હતું. પૂજ્યપાદશ્રીના મંગલાચરણ પછી ગ્રંથોના પાંચ જ્ઞાન પૂજનની ઉછામણી બોલાતાં રૂ.૧૫૦૦૦ ની ઉછામણી થઈ.

વહોરાવવાની ઉછામણી બોલાતાં પિંડવાડા નિવાસી ભૂરમલજી સરેમલજી-એ બે હજાર રૂપિયા બોલીને ગ્રંથરત્નો ઉષ્માભર્યા ઉત્સાહ વચ્ચે પૂજ્યપાદશ્રીને વહોરાવ્યાં.... બેન્ડોના નાદ ગૂંજી ઊઠ્યા. જયઘોષથી વાતાવરણ મુખરિત બની ગયું. સર્વત્ર આનંદની અપૂર્વ ઉષા ખીલી ઊઠી.

જ્ઞાન-પૂજન અને વહોરાવવાનો કાર્યક્રમ પૂર્ણ થતાં આગમ પ્રભાકર પૂજ્ય મુનિપ્રવરશ્રી પુણ્યવિજયજી મ., સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય સુબોધ સાગરજી મ., પ્રભાવક પ્રવચનકાર પૂ.પં.પ્ર. શ્રી ભાનુવિજયજી ગણિવર આદિ વિદ્વાનોએ કર્મસાહિત્ય અંગે જોશીલી જબાનમાં વ્યાખ્યાન આપ્યાં. સવાવાગે સમારોહની પૂર્ણાહુતિ થઈ.

અભૂતપૂર્વ પ્રકાશન સમારોહ ઉજવાઈ જતાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી પુનઃ જ્ઞાન-મંદિરેથી દશાપોરવાડ સોસાયટી પધાર્યા અને સાધના આરાધનાનો રંગ જગાવ્યો. દીવાળીની રજાઓમાં ૧૧ દિવસની શિબિર મહાવીર વિદ્યાલયમાં યોજાઈ. ઈનામી મેળાવડો પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં સંપન્ન થયો.

રંગચંગે ચાતુર્માસની પૂર્ણાહુતિ થઈ. ચાતુર્માસ પરિવર્તનનો લાભ શ્રીયુત રમણલાલ ચીમનલાલ કોલસાવાળાને પ્રાપ્ત થયો. પૂજા-પ્રભાવના સ્વાગત જ્ઞાનપૂજન - ગુરુપૂજનાદિથી તેમણે આ પ્રસંગને સુંદર રીતે દીપાવ્યો.

પરમ ભક્ત શ્રી રમણલાલ વજેચંદની આગ્રહભરી પ્રાર્થનાથી પૂજ્યશ્રી સં.૨૦૨૩ ના કાર્તિક વદ ૩ ના સપરિવાર, સસ્વાગત તેમના બંગલે પધાર્યા અને ત્યાં ૬ દિવસની સ્થિરતા કરી. કાર્તક વદ ૬ એટલે પૂજ્યશ્રીનો દીક્ષા-દિવસ...! અન્ય મુનિવરોએ આ પ્રસંગનો ખ્યાલ રમણભાઈને આપ્યો, તેમણે પણ આવો લાભ પોતાને અચાનક પ્રાપ્ત થતાં વ્યાખ્યાન-પૂજાદિનો કાર્યક્રમ રાખ્યો.

પૂજ્યપાદશ્રીએ આ સામાચાર મળતાં જ તેઓશ્રીએ તરત જ રમણભાઈને



બોલાવ્યા અને કહ્યું 'આવતી કાલે વ્યાખ્યાનમાં મારા વિષે તમે બધા બોલવાના છો, એવું સાંભળ્યું છે અને જો તે બરાબર હોય તો કાલે સવારે હું અહીં રહીશ નહિ, વિહાર કરી જઈશ'

'સાહેબજી ! આમાં આપશ્રીના ગુણગાનનો કોઈ પ્રશ્ન જ નથી. દીક્ષાનો દિવસ છે અને દીક્ષા ઉપર બોલવામાં શું વાંધો છે ? આપના મહાન જીવનનો અમને પણ આંશિક ખ્યાલ આવશે.' રમણભાઈએ ઘણી પાર્થનાઓ કરી પણ પૂજ્યશ્રીએ સ્પષ્ટ ઈનકાર કરતાં કહ્યું, 'મારામાં એવા કયા ગુણો છે, જે બોલી શકાય.' અંતે વ્યાખ્યાનનો કાર્યક્રમ સ્થગિત રાખીને ફક્ત બપોરના તે નિમિત્તે પૂજા ભણાવીને સંતોષ માન્યો. કેવી મહાન પૂજ્યપાદશ્રી પમરગુરુ શ્રીમદ્‌ની નિસ્પૃહતા...! લઘુતા !

રતનપોળ - નગીના પોળમાં શ્રીયુત નાનુભાઈ જેશિંગલાલે ભરાવેલા સુંદર જિનબિંબોની પાવની પ્રતિષ્ઠા કરવા માટે તેમની પ્રાર્થના સ્વીકૃત કરીને પૂજ્યપાદશ્રી કાર્તક વદ ૧૦ ના સસ્વાગત ઉજમફઈની ધર્મશાળામાં પધાર્યા અને પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ થયો. માગશર સુદ ૩ ના પૂજ્યશ્રીનાં વરદ હસ્તે પાવની પ્રતિષ્ઠા થઈ.

પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ કરાવીને પૂજ્યશ્રી સસ્વાગત ઝવેરીવાડ શેખના પાડે પધાર્યા અને ત્યાં શ્રીયુત કલ્યાણજીભાઈ નાણાવટીના ધર્મપત્ની સરસ્વતીબેન તરફથી ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. ત્યાંથી શ્રીયુત કેશવલાલ લલ્લુભાઈની પ્રાર્થના માન્ય કરીને આંબલીની પોળમાં પધાર્યા... ત્રણ દિવસની સ્થિરતા કરી.

પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરને વર્ધમાન આયંબિલ તપની ૯૮મી ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ થતાં પોષ સુદ ૩ ના કાળુશીની પોળમાં ભવ્યરીતે ઉજવણી કરવામાં આવી. અરુણ સોસાયટીમાં મહોત્સવ પ્રસંગે પધારીને ત્યાંથી પ્રતિષ્ઠા નિમિત્તે સાણંદ તરફ વિહાર લંબાવ્યો.

સાણંદમાં પ્રતિષ્ઠા - મહોત્સવની ભવ્ય તૈયારીઓ થઈ હતી. પોષ વદ ૫ના પૂજ્યપાદશ્રીએ સસ્વાગત સાણંદમાં પ્રવેશ કર્યો. અમિત ઉત્સાહ સાથે શ્રી મુનિસુવ્રત સ્વામી આદિ જિન-બિંબોને પ્રતિષ્ઠિત કરીને વદ ૧૧ના અમદાવાદ તરફ વિહાર કર્યો.

# સમાધિની સરિતામાં સ્નાન

જીવન-ભર કરેલી સાધનાનું દિવ્ય-દર્શન ત્યારે જ થાય છે, જ્યારે વ્યાધિના વાદળ-દળ વરસી રહ્યાં હોય અને સમાધિનાં સૌન્દર્ય ઝળાં-હળાં થઈ ઊઠતાં હોય. આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પણ સમાધિ રાખવાનું અદ્ભુત કૌવત હૃદયંગમ બન્યું હોય....!

પિંડવાડાના યશસ્વી વર્ષાવાસની સમાપ્તિ થતાં અનેક સંઘો પૂજ્યપાદશ્રીને પ્રાર્થના કરવા આવી પહોંચ્યા હતા. તેમાં પ્રમુખ વિનંતિઓ હતી. રોહીડા સંઘ વિનવતો હતો. રોહીડાથી અચલગઢના સંઘમાં છ'રી પાળતા પધારવાની, મુંબઈથી આવેલા શ્રીયુત ગોવિંદજી જેવત ખોના માટુંગામાં અંજન શલાકા કરાવવા વિનવી રહ્યા હતા. બેડા અને મંડવારિયા સંઘની અભ્યર્થના હતી ઉપધાન-તપ માળા-રોપણ પ્રસંગે પગલાં કરવાની.

છાતીમાં ફરતા વા'નો દુઃખાવો ચાલુ રહેવાથી પૂજ્યશ્રીએ રોહીડાના સંઘમાં ન પધારતાં પ્રયાણ પ્રસંગે આવવા સંમતિ દર્શાવી. સં. ૨૦૧૯ ના કાર્તક વદ ૩ ના વિહાર કરીને રોહીડા પધાર્યા. પૂર્ણ ઉત્સાહ સાથે યાત્રા-સંઘનું પ્રસ્થાન કરાવીને પુનઃ મંડવારિયા તરફ વિહાર ચાલુ કર્યો.

સાંજનો સમય હતો... રોહીડાથી સરૂપગંજની ચાર માઈલની પાદપાત્રા હતી. પરન્તુ ૨-૨॥ માઈલ જતાં જ પૂજ્યપાદશ્રીને અચાનક છાતીમાં વાનો જોરદાર દુઃખાવો ઊપડ્યો. પૂજ્યશ્રી સમજ્યા કે 'કોઈ વા' નું દર્દ હશે. થોડીવારમાં શાંત થઈ જશે.

કોઈને પણ વ્યાધિનો રંગ બતાવ્યા વિના પૂજ્યશ્રીએ આગળ ચાલવા માંડ્યું. પણ વ્યાધિએ પીછો ન છોડ્યો. વેદના અત્યુગ્ર બની ગઈ. કોઈ પણ સંયોગોમાં આગે-કદમ બઢવું અશક્ય થઈ ગયું અને પૂજ્યપાદશ્રી એક ઝાડ નીચે બેસી ગયા..!

પૂજ્યપાદશ્રીની અસ્વસ્થતા જોઈને પરમ ભક્ત મુનિવર શ્રી જયસોમ વિજયજી મહારાજે બે ત્રણવાર આગ્રહ કરીને પૂછતાં પૂજ્યશ્રીએ કહ્યું 'ભાઈ કોઈ દિવસ નહિ ને આજે છાતીમાં જાણે ભયંકર શૂલ ભોંકાઈ રહ્યાં હોય તેવો દુઃખાવો થઈ રહ્યો છે !'

દુઃખાવો ન કહેવાનું કારણ એક જ હતું કે મારા માટે વિરાધના થાય. કાંઈ નહીં હમણાં બધું સારું થઈ જશે. ''પૂજ્યશ્રીના જાલિમ દર્દનો ખ્યાલ આવી જતાં



સાથે રાખેલી શેક કરવાની કોથળી બહાર કાઢવામાં આવી. પૂજ્ય મુનિરાજશ્રી ગરમ પાણી માટે કોઈ આદમીની રાહ જોતા હતા ત્યાં જ કરુણામૂર્તિ પૂજ્યશ્રી બોલી ઊઠ્યા.''

'જયસોમ ! રહેવા દે. ગરમ પાણી નથી કરાવવું, ખબર પડે છે કે નહિ ? વિરાધના થશે. આપણા કરેલાં આપણે જ ભોગવવાનાં છે' ઓહ્ વ્યાધિમાં કેવી અદ્ભુત સમાધિ ! શરીરમાં જીવલેણ શૂળ ભોંકાઈ રહી હોય છતાં ષટ્કાયની વિરાધના ન કરવાનું કેવું સર્વોત્તમ લક્ષ્ય ! સૂર્ય - નારાયણ અસ્તાચલના શિખરે અદશ્ય બનવાની તૈયારી કરતા હતા, પણ પૂજ્યપાદશ્રી વ્યાધિ-મુક્ત બની ન શક્યા. તુરત જ સરૂપગંજ સમાચાર આપવા માટે બાલ-મુનિવરશ્રી નંદીઘોષ વિજયજી મ.ઝડપી વિહાર કરીને સરૂપગંજ પહોંચ્યા. સમાચાર આપતાં જ ભક્ત શ્રાવકો; ડોક્ટરો લઈને મારતી મોટરે પૂજ્યપાદશ્રીની સેવામાં પહોંચી ગયા.

ડોક્ટરોએ પૂજ્યશ્રીના શરીરનું અવલોકન કર્યું અને બે ત્રણ ઈન્જેકશન આપતાં દુઃખાવો કંઈક શાંત થયો. ડોક્ટરનો અભિપ્રાય મળ્યો 'આ દુઃખાવો હાર્ટનો હોવો જોઈએ, તેથી વિહાર સ્થગિત રાખીને આરામ કરવો પડશે.' વ્યાધિ હવે શાન્ત થઈ રહી હતી.

ભક્ત મુનિવરોએ ડોક્ટરનો અભિપ્રાય લઈને બે મજબૂત દાંડા પર એક લાંબુ આસન ગોઠવ્યું અને તેના ઉપર પૂજ્યપાદશ્રીને સૂવાડીને સરૂપગંજ લઈ આવ્યા. ધન્ય ગુરુભક્ત મુનિવરોને....! પૂજ્યશ્રીની અસ્વસ્થતાના સમાચાર ફેલાતાં પિંડવાડા સંઘના આગેવાનો; સિરોહીના સર્જન ડોક્ટરને લઈને સરૂપગંજ આવી પહોંચ્યાં.

ડોક્ટરી ટ્રીટમેન્ટ ચાલુ થઈ. ત્યારે સંયમમૂર્તિ પૂજ્યશ્રી બોલ્યા. 'તમે મને ઈંજેક્શન આપો તેનો મને વાંધો નથી. પરંતુ ઘેનનું ઈંજેકશન આપશો નહિ. ભલે, આ પળે જ હું પરલોકના પંથે ચાલ્યો જાઉં, તેની મને ચિંતા નથી. પરંતુ ઘેનમાં મારી અંતિમ સાધના બગડવી ના જોઈએ.'

વ્યાધિનું વિકરાળ રૂપ જોઈને પૂજ્યપાદશ્રીએ પોતાના બે મહાન શિષ્યરત્નો પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી હેમંત વિજયજી મ. અને પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી ગ. ને યાદ કર્યા. પિંડવાડામાં બિરાજેલા આ મહાન શિષ્યોને સમાચાર મળતાં જ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી મ. તુરત જ ૧૧ માઈલનો વિહાર કરીને સરૂપગંજ પહોંચી ગયા.

સરૂપગંજમાં બે દિવસની સ્થિરતા કરીને સ્ટ્રેચર કરી ને પૂજ્યપાદશ્રીને પિંડવાડા લાવવામાં આવ્યા. સંઘ કૌશલ્યાધાર પૂજ્યશ્રીની અસ્વસ્થતાના સમાચાર યત્ર-તત્ર-સર્વત્ર પહોંચી ગયા હતા. અમદાવાદથી પરમ ભક્ત શ્રીયુત ચંદ્રકાન્ત બકુભાઈ, શ્રી રમણલાલ વજેચંદ, ચીમનલાલ કડિયા, શ્રી કાંતિભાઈ આદિ આગેવાનો ડોક્ટર કુસુમગર અને ધીરુભાઈને લઈને આવ્યા. મુંબઈથી શ્રીયુત રમણલાલ દલસુખભાઈ, જીવાભાઈ પ્રતાપસી, ડોક્ટર હરિભાઈને લઈને આવી પહોંચ્યા. કાર્ડીઓગ્રામ લેતાં નિદાન થયું હાર્ટ એટેકનું ! ઉપચાર ચાલું રહેતાં કંઈક શાંતિ થવા લાગી.

માગશર વદમાં ઉપધાન તપની આરાધનાનો શુભારંભ થયો. પિંડવાડામાં પૂજ્યશ્રીની શુભનિશ્રામાં શ્રી સંઘે ઉપધાનતપની આરાધનાનો નિર્ણય લીધો હતો. નાનકડાં બાળકો પણ ઉપધાનમાં જોડાયાં. પૂજ્યપાદશ્રીની આજ્ઞાથી પિંડવાડાના બાલદીક્ષાર્થી ઉત્તમકુમાર છોગાલાલજીએ ૯ વર્ષની ઉંમરે ૪૫ દિવસના પોષધ કર્યા. ભવ્ય મહોત્સવ સાથે માળારોપણનો કાર્યક્રમ સંપન્ન થયો.

ચૈત્ર સુદમાં પુનઃ વ્યાધિએ ઉપાડો લીધો. ઉપચાર ચાલ્યા. પોતાના પરમ તારક ગુરુદેવશ્રીના સુસ્વાસ્થ્ય માટે મુનિ-મંડળમાં નિયમિત શુદ્ધ આયંબિલ અને 'નમો જિણાણં જિઅભયાણંનો' જાપ ચાલુ થયો.

પૂજ્યપાદશ્રીના પરમ ભક્ત શ્રીયુત સમરથમલજી રાયચંદજી, કુંદનમલજી રાયચંદજી અને સાગરમલજી રાયચંદજી આદિ અનેક મહાનુભાવોના સુપ્રયત્નથી બજારની મધ્યમાં પંચમંઝિલનું શ્રી પ્રેમસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર તૈયાર થઈ ગયું હતું. વૈશાખ સુદ ૬ ના જૈનરત્ન શ્રીયુત રમણલાલ દલસુખભાઈના હસ્તે મહોત્સવ સાથે ભવ્ય ઉદ્‌ઘાટન કાર્યક્રમ ઉજવાયો. પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી માન વિજયજી ગણિવરે પોતાનો વિશાલ આગમાદિ શાસ્ત્ર સંગ્રહ આ જ્ઞાન-મંદિરને સુપ્રત કર્યો.

રાજસ્થાનના વિવિધ સંઘો પૂજ્યપાદશ્રીને પોતાને આંગણે પધારવા આગ્રહભરી પ્રાર્થના કરતા હતા પરંતુ પૂજ્યશ્રીનો દ્રઢ નિર્ધાર હતો કે આ જીવનમાં ડોળીનો ઉપયોગ તો હરગિજ ન કરવો.પૂજ્યશ્રી ફરમાવતા 'મારે ડોળીમાં બેસવું નથી. ચાલી નહિ શકાય તો એક ગામમાં જઈ સ્થિરતા કરીશ.'

ડોળીનો ઉપયોગ ન કરવાનાં નિર્ણય પછવાડે પણ પૂજ્યશ્રીના દિલમાં એક ભવ્ય-ભાવના રમી રહી હતી. 'હું જો ડોળીનો ઉપયોગ કરીશ તો આ વિશાલ સમુદાયમાં નાના કારણોને આગળ કરીને અન્ય સાધુઓ ડોળીમાં બેસવાનું શીખી



જશે. આમ સમુદાયની સુવ્યવસ્થા પડી ભંગાશે.'

કેવી ઉચ્ચ ભાવના હતી. સમુદાયની સુવ્યવસ્થા માટેની !

પરમ તારક પૂજ્યશ્રીના આ નિર્ણયને જાણ્યા પછી મુનિવરોએ એક નવી આદર્શસમી ભવ્ય યોજના ઘડી કાઢી. એક સ્ટ્રેચર બનાવરાવ્યું તેમાં પૂજશ્રી સૂઈ-બેસી શકે તેવી વ્યવસ્થા કરી. આ સ્ટ્રેચર ઉપાડીને ગામોગામ વિહાર કરવાનું અને પોતાના પરમ ઉપકારી ગુરુદેવશ્રીની વેયાવચ્ચના લાભનું કાર્ય ભક્ત મુનિવરોએ ચાલુ કર્યું.

જૈન જગતના ઈતિહાસમાં ગુરુભક્તિનું આ ઉદાહરણ અભૂતપૂર્વ છે કે જ્યાં શિષ્યો પોતાના પરમ ગુરુદેવને સ્ટ્રેચરમાં ઉઠાવીને ગામોગામ પદયાત્રા કરતા હોય. કદાચ કોઈને પ્રશ્ન થશે 'શું અનિચ્છાએ પણ શિષ્યો આ કાર્ય નહીં કરતા હોય?' આનો સ્પષ્ટ જવાબ તો જેમણે આ ભક્તિનો કાર્યક્રમ સ્વ-નજરે નિહાળ્યો છે, તેઓ સ્વયમેવ સમજી શકે છે. રે ! જ્યાં સ્ટ્રેચરને ઉપાડવા માટે ભારે પડાપડી થતી હોય તે શું અનિચ્છાથી ? હરગિઝ નહિ !

વિક્રમ સંવત ૨૦૧૧ના પૂના ચાતુર્માસથી ધર્મ-પ્રભાવિત બનેલા રામસીણ (રાજ.) નિવાસી શ્રીયુત હંસરાજજી તારાચંદજીને અર્બુદાચલના છ'રી પાળતા યાત્રા-સંઘને કૃતાર્થ કરવા પૂજ્યપાદશ્રીને ભાવભરી પ્રાર્થના થઈ પરંતુ સ્વાસ્થ્ય બરાબર નહીં હોવાથી પૂજ્યશ્રીએ, પંન્યાસ પ્રવર શ્રી મુક્તિવિજય ગણિવરને રામસીણ મોકલ્યા. !

જાવાલ સંઘની વર્ષોની પ્રાર્થના સ્વીકૃત કરીને પૂજ્યપાદશ્રીએ ૨૦૧૯નું ચાતુર્માસ જાવાલમાં કર્યું વિવિધ આરાધનાઓ થવા લાગી. મુનિ-મંડળમાં સ્વાધ્યાયાદિ સતત પ્રવૃત્તિ જોઈને સંઘ ખૂબ જ પ્રભાવિત થયો.

ગામના ઠાકોર એક વાર ઉપાશ્રયની બહાર થઈને જઈ રહ્યા હતા ત્યારે તેમણે શ્રાવકને પ્રશ્ન કર્યો. 'અહીં કયા મહાત્માનું ચાતુર્માસ છે ?' જવાબ મલ્યોઃ 'અમારા પરમ તારક આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરિજી મહારાજનું.' પુનઃ પ્રશ્ન થયો. 'કેટલા મહાત્માઓ છે ?' '૫૨' મહાત્માઓ છે.

શું વાત કરો છો ? '૫૨' સાધુઓ એક જ મકાનમાં છે ? આશ્ચર્ય ! આટલા સાધુઓ એક સાથે રહેવા છતાં ક્યારેય કોઈની કલહ કંકાસનું નામ નિશાન નહિ ! પહેલાં ચોમાસામાં અહીં ત્રણ જ સાધુઓ હતાં છતાં કેટલીવાર ધમાલ થતી હતી. પરંતુ અહીં તો સદા શાન્તિ જ છે.

પૂજ્યપાદશ્રીએ પ્રદાન કરેલી સમતાની શિક્ષાનું આ કેવું સુંદર દ્રષ્ટાંત ?

રાજસ્થાનમાં આ સમયે એક 'અનોપ મંડળ' નો ઉદય થયો હતો. જૈન જગતના દાના દુશમન અનોપદાસે આ મંડળની સ્થાપના કરી હતી. આ મંડળનું મુખ્ય લક્ષ્ય બિંદુ એક જ હતું. જૈનોને અને જૈન શ્રમણોને ગાળો ભાંડવી. આ મંડળમાં જૈન ધર્મના અનેક વિરોધીઓ જોડાયા.

જાવાલમાં જ્યારે પૂજ્યપાદશ્રીનું ચાતુર્માસ હતું ત્યારે પાસેના દેલંદર ગામમાં ડહેલાવાળા પન્યાસજી શ્રી રામવિજયજી મ.નું. ચાતુર્માસ હતું. દેલંદરને અને બરલુટ વગેરે ગામોને અનોપ મંડળે પ્રચાર કેન્દ્ર બનાવ્યાં હતાં. બહાર જતાં આવતાં સાધુઓને પરેશાન કરતા હતા.

ધ

## ★ વચને વચને અજવાળાં ★ ★ ★

- શ્રી ધર્મમિત્ર

✻ રાગને રોગ માનવાવાળો જલદી નીરોગી બને છે. રોગને અમૃત માનનારો શીઘ્ર અમરત્વને પ્રાપ્ત કરે છે.શરીરના રોગ કરતાં આત્મામાં રહેલા રોગનો વિશેષ વિચાર કરી તેની દવા કરવા જેવી છે. રોગીનો મોક્ષ થઈ શકે છે, રાગીનો મોક્ષ ક્યારેય ન જ થાય. રોગની નહીં; રાગની દવા કરવાનો આગ્રહ રાખો, અંદર-બહારના તમામ રોગો ભાગી જશે.

✻ શરીર મલીન હોય તો મોક્ષ મળી શકે છે. મન મલીન હોય તો મોક્ષ ન મળે. માટે શરીરના મેલની નહીં; મનના મેલની ચિંતા કરો.એ દૂર કરવાનો પ્રયત્ન કરો...

✻ શરીરનો રાગ નહીં તારે... સંયમનો રાગ તારે છે.પાપીનો દ્વેષ નહીં; પાપનો દ્વેષ તારે છે.શરીરનો રાગ અને પાપીનો દ્વેષઃ બંને ચીજો ખરાબ છે. સંસારમાં ભટકાવનારી છે. પોતાને પાપી બનાવનારી છે.

✻ શરીર બળવાન ન હોય, અશક્ત હોય તોય મોક્ષગમનની ક્રિયા થઈ શકે છે માટે જ તો સંસ્થાનને મહત્ત્વ નથી અપાયું. શરીર બેડોળ હોય તોય વાંધોનથી આવતો પરંતુ અધ્યાત્મબળ મજબૂત હોવું જરૂરી છે. રૂપાળા શરીરની પણ જરૂર નથી. રૂપાળી સાધનાની અવશ્યકતા છે.



✻ ઈંટનો જવાબ પત્થરથી આપી શકે તેવું શરીર કે તેવી તેજાબી વાણીની મોક્ષ માટે જરૂર નથી. શરીરના હલન-ચલન વગર થતાં ધ્યાનથી અને વાણીના પ્રયોગ વગર મૌનથી તથા ધ્યેય તત્ત્વમાં મનને સ્થિર કરીને મુક્તિ મળે છે.મન - વચન - કાયાના યોગોને નિશ્ચલ બનાવવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ યોગનિરોધ કરવો પડે છે. આપણે તો અયોગી બનવાનું છે. યોગ પણ કર્મ બંધમાં જવાબદાર તત્ત્વ છે.

✻ મોક્ષના માર્ગે શસ્ત્ર જરૂરી નથી, શાસ્ત્ર જરૂરી છે. શસ્ત્ર હિંસાના માર્ગે લઈ જાય છે. જેમાં સ્વ - પર ઉભયની હિંસા સમાયેલી છે. શાસ્ત્ર અહિંસાના માર્ગે લઈ જાય છે; જેમાં સ્વ - પર ઉભયની અમારી - અહિંસા રહેલી છે. ઉત્કૃષ્ટ મંગલ ગણાતા ધર્મમાં અહિંસા - સંયમ અને તપને સ્થાન આપેલ છે.

✻ મોક્ષના માર્ગની સાધનામાં બુદ્ધિ કરતાં શ્રદ્ધાની વિશેષ જરૂર છે. શ્રદ્ધા વગર જ્ઞાની કે સંયમી ક્યાંથી ગણાય ? ત્રણેના સુમેળ વિના મોક્ષ ક્યાંથી મળે ? સમાન માત્રામાં ત્રણે ભેગાં થાય ત્યારે સર્વકર્મનો ક્ષય કરવા સમર્થ થાય છે. બુદ્ધિ ઉનમાર્ગે ચઢાવી શકે, શ્રદ્ધા નહીં.

✻ મુક્તિમાર્ગના સાધકને જિજ્ઞાસા હોવી જોઈએ... પરંતુ શંકા ન હોવી જોઈએ. જિજ્ઞાસા તત્ત્વપ્રાપ્તિનું કારણ બને છે. શંકાનું આગમન થતાં જ શ્રદ્ધા ડગી જાય છે. મિથ્યાત્વ હાજર થઈ જાય છે. શ્રદ્ધાના પાયાને હચમચાવનાર આ શંકા છે. લોકમાંય કહેવત છે, 'શંકા ડાકણ, મનસા ભૂત' શંકા ડાકણ છે. તેનાથી હંમેશા દૂર રહેવું.

✻ મોક્ષના મહામાર્ગમાં સામનો કરવાનો નહિ, સહન કરવાનો ઉપદેશ જ્ઞાની-ભગવંતોએ આપ્યો છે. સામનો કરવામાં ક્રોધાદિ કષાયોની વૃદ્ધિ થાય છે, જ્યારે સહન કરવામાં 'ક્ષમા' ગુણની અભિવૃદ્ધિ થાય છે. કષાયો ડૂબાડે છે, ક્ષમા ગુણસ્થાનક પર આરોહણ કરાવે છે. શાસ્ત્રકાર પણ કહે જ છેને ?'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' 'ક્ષમા એ મોક્ષનો દરવાજો છે.' ક્રોધમાં કદાચ શારીરિક કે વ્યાવહારિક જીત મળતી હશે, પરંતુ આત્માની જીત તો ક્ષમામાં જ છે.

✻ મુક્તિના મહામાર્ગમાં પુણ્ય કરતાં વિશેષ પુરુષાર્થની આવશ્યકતા ગણાય છે. પુણ્ય પણ (સોનાની) બેડી છે. પાપ લોખંડની બેડી છે. બેડી એ બંધન છે. મુક્તિ માટે તો બંને બંધનો તોડવાં અનિવાર્ય ગણાય છે. પુણ્ય - પાપઃ બંને કર્મરૂપ

છે, આશ્રવરૂપ છે. આશ્રવ - કર્મ એ સંસારમાં જકડી - પકડી રાખનાર છે. માટે જ તો શાસ્ત્રકારો સાધુને મુખ્યત્વે સંવર અને નિર્જરા ધર્મના સાધક ગણાવે છે.

❋ કર્મક્ષયના અને મોક્ષપુરીગમનના મહામાર્ગમાં માયા-દંભ-પ્રપંચની નહીં, સરળતાની જરૂર ગણાય છે. 'સોહી ઉજ્જુઅભૂયસ્સ' - સરળ જીવનની શુદ્ધિ થાય છે. આ શાસ્ત્રવાક્ય એ જ વાતની ગવાહી છે. માયા - દંભ તો સંસારમાં રખળાવનાર, તિર્યંચગતિમાં લઈ જનાર અને સ્ત્રીવેદમોહનીય કર્મનો બંધ કરાવનાર છે. એ આંતરશત્રુથી દૂર રહેવામાં જ જીવનું ભલું છે.

❋ અનંતસુખના આ માર્ગમાં પ્રમાદ નહિ, પરિશ્રમની જરૂર છે. પ્રમાદ તમામ સાધનામાં બાધક છે. પરિશ્રમ - અપ્રમત્તા સિદ્ધિ અપાવનાર છે. પ્રમાદ તો આત્માનો દુશ્મન છે. અપ્રમત્તતા કલ્યાણમિત્ર છે. પ્રમાદ મૃત્યુ છે. અપ્રમાદ જીવન છે. પ્રમાદ પામર બનાવે છે. અપ્રમાદ સાત્ત્વિક બનાવી પરમાત્મપદે પહોંચાડે છે. પ્રમાદ આશ્રવનું કારણ છે. અપ્રમત્તભાવ સંવર અને નિર્જરાનું કારણ છે.

❋ અનંતની યાત્રાના એ માર્ગમાં ચપળતા છોડીને સ્થિરતા કેળવવી પડે છે. ચપળતા આત્માની - અધ્યાત્મની સાધના માટે કામની નથી. ચંચળ ચિત્ત પૌદ્ગલિક જોડાણ સૂચિત કરે છે. સ્થિરચિત્ત જ્ઞાનાદિ ગુણરૂપ સંપત્તિનું નિધાન બતાવે છે. અસ્થિરતાને જ્ઞાનસાર પ્રકરણમાં મહાશલ્ય ગણાવેલ છે. મહાશલ્યની હાજરીમાં ધર્મ ક્રિયા રૂપ ઔષધનો ગુણ થતો નથી. મતલબ ધર્મક્રિયારૂપ દવાથી લાભ થતો નથી.

❋ શિવપુરી તરફ જવાના માર્ગમાં ચાલવા માટે જેટલી જરૂર પગની નથી તેનાથી અધિક મનની છે. એ માર્ગે ગમન પગથી નહિ, મનથી થાય છે. માટે જ જણાવ્યું છે કે - માનવ - મન જ કર્મબંધનું અને મુક્તિનું કારણ છે. કાયાના, વચનના મૌનથી શરૂ થયેલી યાત્રા મનના મૌન સુધી પહોંચે છે ત્યારે પૂર્ણાહુતિ થાય છે, સિદ્ધિ મળે છે. મનથી શુભધ્યાન કરો યા મૌન કરો. સુખનો સાચો માર્ગ જ એ છે.

❋ કલ્યાણના માર્ગમાં ચર્મચક્ષુનું તેટલું કામ નથી, જેટલું શાસ્ત્રચક્ષુનું છે. સાધવઃ શાસ્ત્રચક્ષુષઃ શાસ્ત્ર એ સાધુની આંખો છે. ચર્મચક્ષુ ન હોય તોય કેવળજ્ઞાન મેળવી શકાય છે પરંતુ શાસ્ત્રચક્ષુ વગર ક્યારેય ન જ મળે એટલે જ મુનિવરો



કેવલ સૂરિવરો શાસ્ત્રને આગળ કરીને, ડગલે ને પગલે શાસ્ત્રનો આધાર લઈને જ ચાલે છે. છદ્મસ્થ હોવા છતાં શાસ્ત્રને વળગીને ચાલનારા ભૂલનો ભોગ બનતા નથી.

(ક્રમશઃ) ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

મસૂર શ્રીસુમતિનાથજિનાલયની શતાબ્દીના નિમિત્તને પામી, અમદાવાદથી ૯૦૦ કિ.મી.નો વિહાર કરી પૂ. આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં સુખરૂપ મસૂર પહોંચી ગયા છે, ત્યાં વિશિષ્ટ સાજ - સજ્જા વગેરે સાથે નગરપ્રવેશ, વિ.સં. ૨૦૭૪ ફા.વ. તા. ૪-૩-૨૦૧૮ રવિવારે થયો. લાભાર્થી પરિવારઃ પુષ્પકેશવ પરિવાર હેળગાંવકરને ત્યાં તમામ ભાગ્યશાળીઓને નવકારશી કરાવાઈ. લગભગ ૬૨૫ ભાવિકોએ લાભ આપ્યો. ૯-૩૦ કલાકે સામૈયાનો પ્રારંભ થયો. ગામ નાનું છતાં ઉત્સાહ અમાપ હતો. બહારગામથી પણ લગભગ ૩૫૦ થી અધિક ભાગ્યવાનો પધારેલા. સામૈયું લગભગ ૧૧-૫૦ કલાકે જિનાયલ પહોંચ્યું. સભારૂપે ગોંઠવાયું સ્વાગતગીત વગેરે પૂર્વક શતાબ્દીની જાજમ બિછાવવાનો, ગુરુપૂજનનો, ચૈત્રી ચોળીનોઃ એમ ત્રણ ચઢાવા બોલાયા. લગભગ બે કલાકે કાર્યક્રમ પૂર્ણ થયો. સંઘસાધર્મિક વાત્સલ્ય થયેલ.

ફા.વ. ૭ તા. ૮-૩-૨૦૧૮ થી શતાબ્દી નિમિત્તે ૧૦૦ દિવસીય અનુષ્ઠાનનો પ્રારંભ થયો છે. ૪૦-૪૫ ઘરની વસતી હોવા છતાં માહોલ મોટા શેહેર જેવો ઊભો થયો છે. પૂજ્ય આચાર્યભગવંતની પધરામણી પછી ઓર જુસ્સો વધી રહ્યો છે. રોજ સવાર - રાત્રે પ્રવચનો ચાલું છે.

એમાં ચૈ.સુ.૬ ના તા. ૨૩-૩-૨૦૧૮ શુક્રવારે પૂજ્યપાદ જ્ઞાનદાતા ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આ.ભ.શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ નું ૧૫ મુ સમાધિપર્વ આવતું હોવાથી તે નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવ ઉજવવાનું શ્રી સંઘે આયોજન કરેલ છે. એમાં ચૈ.સુ. ૭ તા.૨૪-૩-૨૦૧૮ શનિવારે શતાબ્દીના મહત્ત્વના ચઢાવા આપવામાં આવશે. સંગીતકાર વિનીતભાઈ અશોકભાઈ ગેમાવત પધારશે.

**(ક્રમશઃ..)**

# કૃષ્ણલેશ્યાવાળાનો પરિચય

**अति रौद्रः सदा क्रोधी,**

**मत्सरी धर्मवर्जितः ।**

**निर्दयो वैरसंयुक्तः,**

**कृष्णलेश्याधिको नरः ।।**

અત્યંત રૌદ્રસ્વભાવવાળો, હંમેશા ક્રોધથી ધમધમતો, માત્સર્ય - ઈર્ષ્યાળુ, ધર્મનિરપેક્ષ (પાપી), દયાવગરનો અને હંમેશા વૈર-વૈમસ્યના ભાવવાળો રહેતો હોય તે વિશેષ કરીને કૃષ્ણ - કાળી લેશ્યાવાળો સમજવો. (આવો આત્મા જ્યાં કૃષ્ણલેશ્યા જ પ્રચૂર માત્રામાં હોય તેવી નરકમાં પેદા થાય છે.)